

(તસવીર : દિપક જાની)

વેરો ભરવા લાઈન - ગાંધીનગરમાં રહેણાંક વિસ્તારના પાણી અને ગટર વેરો ભરવા માટે નવા સેકટરોના રહીશોએ આજે સે.૩ ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે લાંબી લાઈન લગાવી હતી.

## આજે પેથાપુરમાં સુંદરકાંડ અને આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે શિવ મહાપુરાણ કથાનું સુંદર આયોજન થયું છે. સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાઈ રહેલી શિવકથામાં આજે વિરામ બાદ સુંદરકાંડના પાઠ યજ્ઞ સ્વરૂપે યોજાશે. સાથે સાથે બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે માં બહુચરાજીની ભકિત કરતો આનંદનો ગરબો પણ યોજાશે. પેથાપુરમાં શિવકથામાં માતાજી પ્રાગટય શિવ વિવાહ, બાર જયોતિર્લિંગ પ્રાગટય કથા અને પૂજાનો સુંદર લાભ ગ્રામજનોએ લીધો છે ત્યારે આજે શિવકથા વિરામના દિવસે ભવ્ય સુંદરકાંડના પાઠ પણ યોજાશે તથા આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી યોજાશે. સૌ ભકતજનોને આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

## કલા ગૂર્જરી દ્વારા 'મોસમ સુફીયાના'નું ૧૬મીએ સુંદર આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના કલા પ્રેમીજનો માટે કલાગૂર્જરી સંસ્થા દ્વારા ૧૬મી માર્ચ ૨૦૧૩ના રોજ સુફી સંગીતનો શાનદાર કાર્યક્રમ 'મોસમ સુફીયાના'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કલા ગૂર્જરીના ભવિષ્યના કાર્યક્રમોની પણ ઝલક રજૂ કરવામાં આવશે એમ પ્રમુખ એન.પી. પટેલે જણાવ્યું છે.

કલા ગૂર્જરી સંસ્થા દ્વારા સંસ્થાના ૬ઠ્ઠા વર્ષના અંતિમ કાર્યક્રમ 'મોસમ સુફીયાના'માં સૌ સંગીત પ્રેમીજનોને ૧૬મી માર્ચે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગાંધીનગરના સેકટર-૧૭માં આવેલા ટાઉન હોલ ખાતે રાત્રે ૯.૩૧ કલાકે કલાગૂર્જરીના સભ્યો અને આમંત્રિતો માટે 'મોસમ સુફીયાના' સુફી સંગીતનો શાનદાર કાર્યક્રમ યોજાશે. કલા ગૂર્જરીનું સભ્યપદ મેળવવા માટે જયરાજસિંહ સરવૈયા, મો.નં. ૯૮૨૫૨૫૩૯૩૩, શરદ વ્યાસ મો. ૯૮૨૫૩ ૩૨૯૨૩, જયપ્રકાશ ભટ્ટ, મો.૯૮૨૪૩૦૩૦૧૦, નિરેન બ્રહ્મભટ્ટ ૯૮૭૯૯ ૫૫૦૩૫નો સંપર્ક કરવા કલા ગૂર્જરીના પ્રમુખ એન.પી. પટેલે અનુરોધ કર્યો છે.

## વિધાનસભામાં ડી. ડી. કાતરીયાને નાયબ સચિવ તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભામાં ફરજ બજાવતા ડી.ડી. કાતરીયાને તાજેતરમાં તેમની પ્રશંશનીય કામગીરીનો બીરદાવીનો ગુજરાત સરકારે નાયબ સચિવ તરીકે પ્રમોશન આપેલ છે.



ડી.ડી. કાતરીયા મૂળ અમરેલી જિલ્લાનાં ખાંભા ગામનાં વતની છે. પ્રજાપતિ સમાજનાં એક ખેડૂત પરિવારમાં જન્મેલા કાતરીયા એ ૧૯૮૦માં સચિવાલયમાં કારકૂન તરીકે પોતાની કારકિર્દી શરૂ કરીને નોકરી કરતાં કરતાં ગ્રેજ્યુએટ્સ અને એલ.એલ.બી.ની શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરીને ક્રમશઃ ઉપરોક્ત વિવિધ હોદ્દાઓ પર બઢતી મેળવીને પોતાના સમાજના યુવાનોને ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડેલ છે. ગાંધીનગર ખાતે અમરેલી જિલ્લા મિત્રમંડળના સહસ્થાપક ડી.ડી. કાતરીયાને તેનાં વિશાળ ચાહકવર્ગ તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. ગાંધીનગર સમાચારના એક વખતના કેડી નામની કોલમનાં લેખક ડી.ડી. કાતરીયાને ગાંધીનગર સમાચારે પણ અભિનંદન અને શુભેચ્છા પાઠવી છે.

# સેકટર-૨૧ ત્રિકોણીયા સ્ટેન્ડમાં પ્લેટફોર્મની ફાળવણી રદ કરવા માંગ

### લારી ગલ્લા જપ્ત થતા શ્રમજીવીઓ બેકાર શરતભંગ થતા અન્ય કિસ્સામાં કોઈ પગલા નહી

ગાંધીનગર, તા. ૧૪

સે. ૨૧ સ્થિત ત્રિકોણીયા લારી ગલ્લા સ્ટેન્ડમાં ફળવાયેલા પ્લેટફોર્મમાં ગેરકાયદેસર દુકાનો તેમજ મોટા ગલ્લામાં દૂર કરી જગ્યા ખુલ્લી કરવા શહેર લારી-ગલ્લા યુનિયને રજૂઆત કરી છે.

ગાંધીનગર શહેર લારી-ગલ્લા યુનિયનના પ્રમુખ જગદીશ લેઉઆએ મુખ્યમંત્રીના ઓનલાઈન જનસંપર્ક કાર્યક્રમમાં રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગત તા. ૪ માર્ચના રોજ દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન સે.૨૧ના ત્રિકોણીયા લારીગલ્લા સ્ટેન્ડ પાસેથી શ્રમજીવીઓના લારી ગલ્લા તંત્રએ જપ્ત કરી લીધા છે. જેના લીધે હાલ શ્રમજીવીઓ બેરોજગાર થતા દયનીય હાલતમાં મુકાઈ ગયા છે. સે. ૨૧ના ત્રિકોણીયા લારી-ગલ્લા સ્ટેન્ડના અન્ય વેપારીઓએ ષડયંત્ર કરી અમારા પેટ પર પાટુ માર્યુ છે. પરંતુ હકીકતમાં સે. ૨૧ના ત્રિકોણીયા લારી-ગલ્લા સ્ટેન્ડમાં ગલ્લામાં મુકીને વેપાર કરતા વેપારીઓ પૈકી બે જ સાચા છે જ્યારે અન્ય મોટાભાગના ગલ્લાઓ વેચાણથી અપાઈ ગયા છે. એટલું જ નહીં પરંતુ ભાડે આપીને શરતભંગ પણ કર્યો છે. આવા સંજોગોમાં ફાળવવામાં આવેલ પ્લેટફોર્મ રદ કરવામાં આવે તેમજ જગ્યાએ સ્થિત મોટી દુકાનો અને ગલ્લાઓ ગેરકાયદેસર હોવાથી દબાણોને દૂર કરવા પણ રજૂઆતમાં જણાવ્યું છે. અગાઉ દબાણ હટાવ ઝુંબેશમાં ગરીબ શ્રમજીવીઓના ગલ્લા જપ્ત થતા રોજીરોટી છીનવાઈ ગઈ છે. ત્યારે સરકારની વિવિધ ૧૧ જેટલી શરતોનો ભંગ કરતા દબાણકર્તાઓ સામે પણ કડક પગલા લેવા માંગ કરવામાં આવી છે.

## માણસા વિઘ્નેશ્વરી ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાશે

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત મા પાલઈ વિઘ્નેશ્વરીધામ અને આનંદીમાનો વડલો માણસા ખાતે ૧૨મી મે, ૧૩ને રવિવારે સર્વજ્ઞાતિય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વજ્ઞાતિય સમૂહ લગ્નમાં સમાજના આર્થિક રીતે મધ્યમ-નાના વર્ગના પછાત જ્ઞાતિના પદ નવદંપતિઓના લગ્ન કરવાનો સંસ્થાએ નિર્ધાર કર્યો છે. દાતાઓના દાનને આવકારવામાં આવ્યા છે.

## સોનિયાના નેતૃત્વના ૧૫ વર્ષની શહેર સમિતિ દ્વારા ઉજવણી

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શ્રીમતી સોનિયા ગાંધીએ આજે કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ તરીકે ૧૨૮ વર્ષ જુની આ પાર્ટીમાં આવા બાહોશ, નિડર અને ત્યાગ મુર્તિ એવા ૬૬ વર્ષના શ્રીમતિ સોનિયાજીની રાજકીય કારકીર્દીમાં સૌથી અગત્યની સિધ્ધિ એ હતી કે તેઓના ૧૫ વર્ષના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર બનાવી હતી. સત્તા મેળવ્યા બાદ ૪ રાજયોમાં કોંગ્રેસની સરકાર હતી. આજે ૧૪ રાજયોમાં કોંગ્રેસની સરકાર બનાવવાનો યશ તેમના શીરે છે. તેઓએ વડાપ્રધાન જેવા દેશના સર્વોચ્ચ પદનો ત્યાગ કરી અર્થશાસ્ત્રીમાંથી રાજકારણી બનેલા ડૉ. મનમોહનસિંહને દેશના વડાપ્રધાન બનાવી તેમની દીર્ઘ દ્ષ્ટિનું ઉદાહરણ પુરું પાડી સમગ્ર વિશ્વ જયારે મંદીના મોજામાં સપડાયેલ છે તેવા સમયે ત્યાગ અને બલિદાન આપી દેશનું નહિ વિશ્વના શકિશાળી મહિલા તરીકે સ્થાન મેળવેલ છે. શ્રીમતી સોનિયાજીએ તેમના નેતૃત્વમાં પંદર વર્ષ પુરા કરેલ હોઈ તેના માનમાં ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ફટાકડા ફોડી આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવેલ. તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ. શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ, ચીમનભાઈ વિઝુંડા, સ્ટે. ચેરમેન પ્રવિણભાઈ પટેલ, માનાજી મારવાડી , હરેશભાઈ પટેલ, કે. પી. સોલંકી, રાજેન્દ્રસિંહ ચાવડા, કે.ડી. પટેલ, વિજય સોલંકી, વસંતભાઈ પરમાર, મિતુલ જોશી, મગનભાઈ પરમાર, અકીબ પઠાણ, આર.બી. સિસોદિયા, અશોકભાઈ શ્રીમાળી, ખોડીદાસ પરમાર, કેસરીસિંહ બિહોલા, પીતામ્બરભાઈ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# અકસ્માતો ઘટાડવા એન્ટ્રીઓ બંધ કરવાની ફાઈલ અભેરાઈએ

### ૨૦૦૮માં મળેલી કાયદો વ્યવસ્થાની બેઠકમાં ૩૦ એન્ટ્રી બંધ કરવા નિર્ણય લઈ અઠવાડીયામાં અમલ કરવા સુચન થયું હતું : પાંચ વર્ષે પણ કોઈ ફેરફાર થયા નથી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના બે મુખ્ય માર્ગ 'ઘ' ને 'ચ' માર્ગ પર માર્ગ અકસ્માતોને નિયંત્રિત કરવા માટે વર્ષ ૨૦૦૮ના ફેબ્રુઆરી માસમાં બંને માર્ગો પરની ૫૦ જેટલી એન્ટ્રીઓ સદંતર બંધ કરી દેવા ઉપરાંત વિવિધ નિયત કરેલી જગ્યાઓ પર બમ્પ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેને એક જ અઠવાડીયામાં અમલી કરવા કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં વાત કરવામાં આવી હતી. આજે પાંચ વર્ષથી વધુ સમય થઈ ગયા બાદ પણ હજુ સુધી આ મામલે કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી.

ગાંધીનગર પોલીસ દ્વારા 'ઘ' અને 'ચ' માર્ગ પર થતા જીવલેણ અકસ્માતોને નાથવા માટે સેકટર-સેકટર વચ્ચેના એન્ટ્રી પોઈન્ટસનો અભ્યાસ કરીને તે પૈકીના ૩૦ જેટલા એન્ટ્રી પોઈન્ટસ બંધ કરવા ૨૦૦૮માં મળેલી કાયદો અને વ્યવસ્થાની બેઠકમાં નિર્ણય લેવાયો હતો. આની અમલવારી એક સપ્તાહમાં કરી દેવા સુચન પણ કરવામાં આવ્યું હતું. ત્યાં સુધી પ્રાયોગિક ધોરણે પોલીસે દરેક એન્ટ્રીઓ પર બેરીકેટસ મુકી દીધા હતાં. પરંતુ એન્ટ્રીઓ બંધ થતા વાહનચાલકો અને સેકટરોના રહેવાસીઓએ વિરોધ કરતાં બેરીકેટસ ઉઠાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસે એન્ટ્રીઓ પરથી વાહનો જતાં અટકે તે માટે મેન્યુઅલ પ્રયાસ કર્યા હતા પરંતુ તેમાં પણ કોઈ નકકર પરિણામ ન મળતાં કાયદાનું સ્વરૂપ આપવાનો વિચાર કરાયો હતો. જિલ્લા કલેકટરે પ્રાંત અધિકારી પાસે અહેવાલ પણ મંગાવ્યો હતો. દરમિયાન આ મુદ્દે પીટીશન દાખલ થતાં મામલો અટવાઈ ગયો હતો. ત્યારબાદ બેઠકમાં બંધ કરવા નિર્ણય લેવાયો હતો. માર્ગ અને મકાન વિભાગને એન્ટ્રી બંધ કરી દેવા આદેશ પણ આપી દેવામાં આવ્યો હતો. આ નિર્ણયને પાંચ વર્ષ થઈ ગયા બાદ પણ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.

## તાલુકા પંચાયત ગાંધીનગર દ્વારા માહિતી અધિકાર અધિનિયમનો તાલીમ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા પંચાયત દ્વારા તાલુકાના સરપંચ, તલાટી અને તાલુકા પંચાયતના સ્ટાફનો આરટીઆઈ માર્ગદર્શન અને તાલીમ આપતો એક દિવસીય કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર તાલુકા પંચાયત હસ્તગત સર્વે ગ્રામ પંચાયતના સરપંચો, તલાટીશ્રીઓ અને સર્વે તાલુકા પંચાયતના વિભાગીય કચેરીના સ્ટાફની એક દિવસીય તાલીમ વર્ગ (સ્પીપા) સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થાન, અમદાવાદ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫નો તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. આ તાલીમ વર્ગમાં માહિતી અધિકારમાં માંગવામાં આવનારી અરજીઓ ઉપર કેવી રીતે જવાબ આપવો, કેટલા સમયમાં અને કેવી રીતે જવાબ આપવાથી માહિતી મેળવનાર સંતોષ થાય તેની યોગ્ય કાળજી રાખવા માટે (સ્પીપા)ના માર્ગદર્શકો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી તુવાર સાહેબ નાયબ તાલુકા વિકાસ અધિકારી સોની સાહેબ તેમજ વિસતરણ પંચાયત અધિકારી હસમુખભાઈ પટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## બ્રાહ્મણ યુવકોને નિઃશુલ્ક કર્મકાંડની તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૧૪

શ્રી બહુચરાજી મુકામે શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત ગુજરાતમાં વસતાં બ્રાહ્મણ યુવકોને કર્મકાંડ વિદ્યા તાલીમ શાળા કાર્યરત કરવાની હોય, રસ ધરાવતા યુવકોએ બાયોડેટા મોકલવા જણાવેલ છે. તાલીમાર્થીઓને રહેવા, જમવાની અને તાલીમની સુવિધા વિના મૂલ્યો મળશે.

આ અંગેનો સંપર્ક ચેતનભાઈ રાવલ, પ્લોટ બી/૨૩૨, સેક્ટર-૨૫, જી.આઈ.ડી.સી. ગાંધીનગર મો. ૯૮૨૫૮૬૬૯૬૬ છે.



દેનાબેંક દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી બી.જે. ભટ્ટ, જનરલ મેનેજર સુરેશ પટેલ, રીજીયોનલ મેનેજર એમ.એસ. શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓ સ્વરોજગારી મેળવે અને આત્મનમિર્ભર બને તેમ જણાવ્યું હતું.

# દહેગામ તાલુકાના છેવાડાના ગ્રામજનો કહેવાતા વિકાસથી વંચીત

દહેગામ, તા. ૧૪

દહેગામ તાલુકાના ઈસનપુર ડોડીયાના પાદરેના નાડીયેથી પ્રતાપજીની મુવાડી થઈને બારીયાના પેટા પરા કરબડીયા ગામ સુધી કોઈ જાહેર રસ્તાની સુવિધા આઝાદીના આટલા વર્ષો પછી છેવાડાના અંતરયાડ ગામ લોકોને આજદિન સુધી પ્રાપ્ત થયેલ નથી. ચૂંટણીના સમયે મત લેવા આવતા કહેવાતા નેતાઓ ઠાલા વચનો અને આશ્વાસનો આપી ક્હ્યા બાદ કોઈ દેખાતા નથી. સદર ગ્રામજનોની અસહ્ય યાતનાઓ યથાવત છે.

જાણવા મળ્યા મુજબ ઈસનપુર ડોડીયાથી પ્રતાપજીની મુવાડી થઈ ખરખડીયા ગામ સુધી ૧૯૮૭માં ખખડધજ એવુ મેટલીંગ કામ થયેલું હોવાનું જાણવામાં આવેલ છે. સદર મેટલીગં કામગીરી કર્યા બાદ ડામર રોડનું કામ હાથ નહિ ધરાતા જવાબદાર તંત્ર દ્વારા છેવાડા લોકોની રસ્તાની આવશ્યક સેવાઓ પ્રત્યે દુર્લભ સેવાતા કે અન્ય કોઈ કારણોસર ડામર રોડની કામગીરી આજદિન સુધી થઈ નથી. આ સંજોગોમાં ખખડધજ એવું મેટલીંગનું અસ્તવ્યસ્ત કામ પ્રથમ વરસાદને લઈ મેટલીંગ કામ ખોરવાઈ જતાં ગ્રામ્યજનોને મળવા પાત્ર જાહેર રસ્તાની સુવિધા પ્રાપ્ત નહિ થતાં મેટલીંગ કામ પાછળ થયેલ ખર્ચના જાહેર નાણાંનો દુર્વેય થયેલો છે. આજે પણ ગામ લોકોને અસહ્ય બિમારીના પ્રસંગોમાં જરૂરી રસ્તાના અભાવે ૧૦૮ મોબાઈલ સુવિધા ગામમાં આવવા માટે સ્પષ્ટ ઈન્કાર કરે છે. ત્યારે ચોમાસાના ચાર માસ દરમિયાન છેવાડાના ગ્રામ્યજનો કેવી યાતના ભોગવતા હશે તે વિચારવાનું રહ્યું છે. સદર ખરખડીયા ગામે પ્રાથમિક શાળાના બાળકો માટે જરૂરી એવી પ્રાતમિક શાળાની સુવિધાના અભાવે શિક્ષણ મેળવવા સારૂ નજીકનાં ગામે જવું પડતું હોઈ જે અગવડતાનાં અભાવે ગ્રામ્ય બાળકો શિક્ષણથી વંચીત રહેતાં હોવાની પરિસ્થિતિ છે. વિસેષમાં બે સોઈલ પાધ્યના અભાવે સદર ગ્રામજનો પાણીની પણ મુશ્કેલીઓ સહન કરી રહ્યા છે.

છેવાડાના ગ્રામજનોની અસહ્ય યાતનાઓની સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ ગ્રામ્યજનોની સમસ્યા અંગે સરકારશ્રીના સંબંધીત વિભાગો સમક્ષ યોગ્ય રજુઆતો કરી ગ્રામ્યજનોને ન્યાય અપાવવાની દહેગામના સામાજીક કાર્યકર અને પૂર્વ તાલુકા જિલ્લા પંચાયત સદસ્ય, અશોકભાઈ શાહે હૈયાધારણ આપી આ અંગે તાકીદે રજુઆત કરતાં સદર રોડનું કામ આગામી વર્ષની શરૂઆતમાં હાથ ધરાય તેવું જાણવા મળેલ છે. અન્ય સમસ્યાઓ અંગે સંબંધીત વિભાગો સમક્ષ રજુઆત કરવામાં આવનાર છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦

સૂર્યાસ્ત : ૬.૪૬

## તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે.

લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

મેરે ડેડ કી મારુતી : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૧૦.૧૫

કાઈ પૉ છે : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :

જૉલી એલએલબી : ૯.૧૫

સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૨૫

૩-જી : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

૩-જી : ૧૦.૦૦, ૧૨.૩૦

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૩.૦૦

ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૫.૪૫

જૉલી એલએલબી : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

જૉલી એલએલબી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જૉલી એલએલબી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- સિધ્ધાર્થ લૉ કોલેજ ગાંધીનગર દ્વારા સવારે ૯.૩૦ કલાકે કાર્યક્રમ.

### શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ બી.સી.એ. કોલેજ દ્વારા સેકટર-૨૩માં આવેલ ખેમજીભાઈ વિસરામ હોલ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે વાર્ષિકોત્સવ.

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજ્ઞેશભાઈ ગણપતભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૦) પ્લોટ નં. ૧૨૪૨/૨, સેકટર-૨/એ, ગાંધીનગર.
- સ્વ. કુંવરજી રામશંગજી મકવાણા (ઉ.વ.૭૦) મુ.પો. બોરીયા (હરીપુરા), તા., જિ. ગાંધીનગર.